

# સઘળું જોર લગાવી બેઠા, લક્ષ્ય લગોલગ આવી બેઠા!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

ભંવરલાલ શર્મા આવેલા તો મૂળ ઉત્તર પ્રદેશથી પણ સુરત આવીને ટેક્ષટાઈલના ધંધામાં ગોઠવાઈ ગયા ને છેલ્લાં વીસ વરસમાં એમણે ઘણી પ્રગતિ કરી. બંગલો, ગાડી, સરસ ઓફિસ - આ બધું એમણે વસાવી લીધું.

એમની પત્ની કમલા સતત એમનું ધ્યાન રાખતી. એમની આરસની પૂતળી જેવી દીકરી આરોહી હવે મોટી થઈ ગઈ હતી. આ વર્ષે એનું બારમા ધોરણનું પરિણામ આવે એટલે એને એમ.ટી.બી. કોલેજમાં પ્રવેશ મેળવવાનો હતો.

ભંવરલાલની કાપડના કારોબારની ઓફિસ વરાછા ઓવરબ્રીજની નીચે જ હતી ને એમનું ઘર અથવા કહો કે એમનો બંગલો હતો વેસુમાં. એક ગાડી એ ઓફિસે આવ-જા કરવા માટે ઉપયોગમાં લેતા અને એના માટે એમણે ડ્રાઈવર પણ રાખેલો. બીજી ગાડી એમણે દીકરી આરોહી અને પત્ની કમલા માટે રાખેલી. એ બન્ને સરસ ગાડી ચલાવતાં એટલે ડ્રાઈવરની એમણે જ ના પાડેલી.

આવતા અઠવાડિયે જ આરોહીનું પરિણામ હતું એટલે એની મનોભૂમિમાં ચિંતાંકુર ફૂટ્યા હતા - પાસ થઈશ કે નાપાસ!

જો કે પરિણામ આવ્યું ને એ ફર્સ્ટકલાસ સાથે પાસ થઈ હતી!

“વાહ દીકરી,” ભંવરલાલે એને શાબાશી આપતાં કહ્યું, “તેં સરસ કામ કરી બતાવ્યું. હવે તારું એડમિશન એમ.ટી.બી. કોલેજમાં નક્કી માની લે.”

“એડમિશનની વાત પછી,” કમલાદેવીએ વાતવહેણમાં વચ્ચે જ ધૂબકો માર્યો, “પહેલા એ નક્કી કરો કે બધાંને પાર્ટી ક્યારે આપીશું? આપણે ત્યાં તો કોઈ પ્રસંગ આવ્યો જ નથી એટલે આ પ્રસંગની ઉજવણી તો કરવી જ પડશે.”

“ આજે ગુરુવાર થયો,” ભંવરલાલ બોલ્યા, “બે-ચાર દિવસ પછી એટલે કે આવતા રવિવારે રાખીએ. બધાંને રજા પણ હોય એટલે બધાં આવી શકે.”

“તો તમે કાલે જ મંડપવાળાને ને રસોઈયાને કહી દેજો એટલે વાત પૂરી થઈ જાય અને તમે નક્કી કરી નાખો પછી અમે મા-દીકરી સોસાયટીમાં જઈને બધાંને કહી આવીશું.”

“હું કાલે જ બધું ગોઠવી દઈશ,” ભંવરલાલે કહ્યું, “તું ચિંતા ન કર અને હવે કંસાર બનાવ દીકરી માટે, જા.”

બીજા દિવસે ભંવરલાલે રસોઈયાને ફોન લગાડયો. “હેલો રસોઈયા મહારાજ,”

“હા, હું ધડૂકદેવ ભરત બોલું છું,” સામેથી અવાજ આવ્યો, “તમે કોણ?”

‘‘અલ્યા” ભંવરલાલ હસ્યા, “ આટલી દોસ્તી ને તોય ભૂલી ગયો? તને રસોઈયા મહારાજ એવું દોસ્ત સિવાય કોણ કહે? હું ભંવરલાલ બોલું છું.”

“અરે શેઠ,” ભરત બોલ્યો, “આ તો હમણાં અમારા પાડોશી સુરેખા મેડમ સાથે ઝગડો થયો એમાં મારો મોબાઈલ ભાંગીને ભૂક્કો થઈ ગયો ને બધા નંબર જતા રહ્યા એટલે પૂછવું પડ્યું, બોલો, શું ફરમાઈશ છે?”

“આ રવિવારે સાંજે આપણા વેસુના બંગલે પાર્ટી રાખી છે,” ભંવરલાલે કહ્યું, “લગભગ સો માણસો હશે, જમણવાર સરસ થવો જોઈએ. તું આઈટમોનું લિસ્ટ બનાવીને મને ફોન કરજે.”

એ ફોન પત્યે ભંવરલાલે મંડપવાળાને ફોન કરીને રવિવારે સાંજ માટે મંડપ બાંધવાનું કહી દીધું.

કમલાબહેન અને આરોહી સોસાયટીમાં કહી આવ્યાં ને ભંવરલાલે એમના વેપારી મિત્રોને કહી દીધું, આરોહીએ એની સખીઓને કહી દીધું, ત્યાં તો રવિવાર આવી પણ ગયો.

ભરતની રસોઈના વખાણ કરીને સૌ જમી જમીને ઘેર પહોંચી ગયા, પછી આરોહી, કમલા અને ભંવરલાલ બેઠકરૂમમાં બેઠાં બેઠાં આવેલી ભેટ જોતાં હતાં.

“પપ્પા,” આરોહી બોલી, ‘’મારે બી.એ. નથી કરવું.”

“કેમ બેટા?” આશ્ચર્યથી ભંવરલાલે પૂછ્યું.

“મારી ઈચ્છા પાઈલટ બનવાની છે,” આરોહી બોલી, ‘‘મેં બેંગલોરની ઈન્સ્ટીટ્યુટમાં એના માટે અરજી પણ કરી છે.”

“ભલે બેટા,’’ કમલાબહેન બોલ્યાં, “તારી ઈચ્છા પાઈલટ બનવાની હોય તો તું પાઈલટ બનજે, અમને કશો વાંધો નથી. આપણી જ્ઞાતિમાં તું પહેલી જ પાઈલટ બનીશ એનું અમને ગૌરવ થશે.’’

“ક્યારે જવાનું છે?” ભંવરલાલે પૂછ્યું ને પેટાપ્રશ્ન પણ પૂછી લીધો, ‘‘કોર્સ કેટલા સમયનો છે?”

“કોર્સ બે વરસનો છે,” આરોહી બોલી, “અને જવાનું તો.... એ લોકો મારું ફોર્મ માન્ય કરે ને મને બોલાવે ત્યારે નક્કી થશે.”

“કશો વાંધો નહીં,” ભંવરલાલ બોલ્યા, “જેટલી ફી ભરવાની હોય એ મને કહી દેજે, હું તારા ખાતામાં ટ્રાન્સફર કરી દઈશ.”

એ વખતે તો વાત પૂરી થઈ પણ પછીના અઠવાડિયે બેંગલોરથી પાઈલટ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટનો પત્ર આવ્યો - આ અઠવાડિયામાં તમારા અસલ પ્રમાણપત્રો સાથે ઓફિસમાં હાજર થઈ જાવ.

આરોહી ખુશખુશાલ થઈ ગઈ. એણે તો તરત ગાડી પપ્પાની ઓફિસ તરફ ભગાવી.

“પપ્પા,” એણે કહ્યું, ‘‘મારા પર પત્ર આવી ગયો, આ અઠવાડિયામાં જ બેંગલોર જવાનું છે.” આટલું કહીને એણે પત્ર ભંવરલાલ તરફ ધર્યો.

“વાહ, સરસ,” ભંવરલાલ ફેસબુકની કમેન્ટ જેવું બોલ્યા, “ફી કેટલી ભરવાની છે ?”

“એ તો આમાં લખ્યું નથી,” આરોહી બોલી, ‘‘કદાચ આ વખતે ઈન્ટરવ્યૂ માટે બોલાવી હશે, પછી ફીનું કહેશે, જો ઈન્ટરવ્યૂમાં પાસ થઈ જાઉં તો.”

“તું પાસ થઈ જ જઈશ બેટા,” ભંવરલાલ હસ્યા, “મને મારા કરતાં પણ વધુ ભરોસો તારા પર છે.”

ત્રીજા દિવસની ફલાઈટ પકડીને આરોહી બેંગલોર પહોંચી ગઈ. એની ઈન્સ્ટીટ્યુટની ઓફિસ કેનગેરી વિસ્તારમાં હતી એટલે એરપોર્ટથી કેબ કરીને એ દોઢ કલાકે પહોંચી.

ઈન્ટરવ્યૂ સરસ રહ્યો ને આરોહીને સોમવારથી ટ્રેનિંગ માટે હાજર થઈ જવાનું કહેવામાં આવ્યું. ફી એક વર્ષના દોઢ લાખ રૂપિયા હતી ને એ હાજર થતી વખતે ભરવાની હતી.

સાંજની ફલાઈટમાં આરોહી સુરત પાછી આવી ને મમ્મી અને પપ્પાને વાત કરી.

“બેટા,” ભંવરલાલ બોલ્યા, “હું તારા ખાતામાં અત્યારે અઢી લાખ ટ્રાન્સફર કરું છું અને પચાસ હજાર તને રોકડા આપીશ. ત્યાં જઈને તારે મકાન પણ રાખવું પડશે ને?”

“ત્યાંની એક છોકરી મારી સાથે ઈન્ટરવ્યૂમાં હતી,” આરોહી બોલી, “એણે કહ્યું કે એ મકાન અપાવી દેશે.”

બીજા દિવસથી તૈયારી શરૂ થઈ ગઈ. આરોહી સોમવારે સવારની ફલાઈટમાં બેંગલોર જવા ઊપડી. ફલાઈટમાં બેસતાં જ એને વિચાર આવ્યો- આજે એ અહીં બેસે છે પણ ટ્રેનિંગ પછી એ પાઈલટની કેબિનમાં હશે!

બેંગલોર પહોંચીને એ ઓફિસ પર ગઈ. એની નવી નવી મિત્ર પણ હાજર હતી. આરોહીએ ફી ભરી દીધી એટલે બીજા દિવસે એરપોર્ટ પર સવારના દસ વાગ્યે પહોંચી જવાની બન્નેને સૂચના મળી.

“આરોહી,” એની સખી શુભ્રાએ કહ્યું, “તારે મકાન રાખવું છે ને? તો ચાલ, અહીં કેનગેરીમાં જ મૈસુર રોડ પર બ્રીગેડ પેનોરામા ફ્લેટ છે, હું પણ ત્યાં રહું છું અને બ્લોક ઈ માં મારી એક સખી રહે છે. તું એની સાથે રહેજે, એ એકલી જ રહે છે ને એ.આઈ.નું ભણે છે.”

બન્ને બ્રીગેડ પેનોરામા પહોંચ્યા. ઓફિસથી ફ્લેટ તદ્દન નજીક હતો. શુભ્રાએ એની બહેનપણીને સમજાવી અને બન્નેનું સાથે રહેવાનું, ભાડાનું, જમવાનું બધું નક્કી થઈ ગયું. બીજા દિવસે શુભ્રા સાથે આરોહી એરપોર્ટ પર પહોંચી ગઈ. એરપોર્ટ પર કંપનીની ઓફિસ હતી. ઓફિસમાંથી એક માણસ એમને પાછળના ભાગમાં એક હેંગર પાસે લઈ ગયો. હેંગરમાં એક પ્લેન હતું.“આજે તમે આ પ્લેન અને અંદરની પાઈલટની કેબિન જોઈ લો,” પેલા માણસે કહ્યું, “કાલથી તો ઓફિસમાં જ સિમ્યુલેટર પર ટ્રેનિંગ શરૂ થશે.’’

એ માણસે બન્નેને પાઈલટ ચેમ્બર બતાવી અને અંદરથી આખું પ્લેન બતાવ્યું.

બીજા દિવસે ઓફિસના એક રૂમમાં બન્નેને બોલાવવામાં આવ્યાં. બન્નેને અલગ અલગ સિમ્યુલેટર સામે બેસાડવામાં આવ્યાં ને ટ્રેનિંગ શરૂ થઈ.

“જુઓ,” ટ્રેનરે કહ્યું, “આ સિમ્યુલેટર છે, એ અસલ પ્લેનના એન્જિન જેવું જ છે. બધાં નોબ, બટન અસલ પ્લેનમાં હોય એવાં જ છે. આપણે છ મહિના આના પર પ્રેક્ટિસ કરવાની છે, પછી બીજું વિચારીશું.’’

એ પછી બે મહિના રેગ્યુલર ટ્રેનિંગ ચાલી અને દિવાળી આવી. એ વખતે સાત દિવસની રજા હતી એટલે આરોહી સુરત આવી.

બે દિવસ તો ભંવરલાલ અને કમલા એની વાતો જ સાંભળતાં રહ્યાં. દિવાળી તો આવી એવી જ પસાર પણ થઈ ગઈ ને આરોહીનો જવાનો દિવસ પણ આવી ગયો.

આઠમા દિવસે આરોહી ફરી બેંગલોર પહોંચી ગઈ ને નવમા દિવસથી એની ટ્રેનિંગ ફરી શરૂ થઈ ગઈ. હવે આરોહીને ધીમે ધીમે પ્લેનના એન્જિનનો ને એને ઓપરેટ કરવાની સ્વીચોનો ખ્યાલ આવતો ગયો.

છ મહિના પછી એ બન્નેને એરપોર્ટ લઈ જવાયાં. હેંગર નીચે જે પ્લેન હતું, એ અત્યારે બહાર હતું. ટ્રેનરે બન્નેને પાઈલટની કેબિનમાં ઊભા રાખ્યાં. પ્લેનમાં પાઈલટ હતો, એણે વાયરલેસ પર કન્ટ્રોલરૂમ સાથે વાત કરી અને ત્યાંથી લીલી ઝંડી મળતાં એણે પ્લેન સ્ટાર્ટ કર્યું.

“તમે બન્ને બરાબર જોતા રહેજો,’’ ટ્રેનર બોલ્યો, “કઈ રીતે એમણે પ્લેનનું એન્જિન સ્ટાર્ટ કર્યું, હવે કઈ રીતે આગળ વધશે, ટેક ઓફ કરશે, વળાંક લેશે, એ બધું બરાબર જોતાં રહેજો.”

શુભ્રા અને આરોહી પાઈલટની એકેએક ગતિવિધિ તરફ ધ્યાન આપી રહ્યાં હતાં. લગભગ અડધા કલાક પછી પ્લેન પાછું એરપોર્ટ તરફ આવ્યું ને કન્ટ્રોલ ટાવરની સૂચના પ્રમાણે લેન્ડિંગ કર્યું. લેન્ડિંગ પછી પ્લેન હેંગર તરફ આગળ વધ્યું.

ટ્રેનર એ બન્નેને લઈને ઓફિસે આવ્યો.

“હવે કાલથી તમે જાતે જ સિમ્યુલેટર ચલાવજો,” ટ્રેનરે કહ્યું, ‘‘હું માત્ર જોયા કરીશ. તમને જે પુસ્તક આપ્યું છે એમાં કન્ટ્રોલ ટાવર સાથે ક્યારે, કઈ રીતે વાત કરવી એ આપેલું છે, એ આજે જોઈને ગોખી નાખજો, કાલે એ પણ આપણે જોઈશું. અહીં આપણે એ સગવડ પણ છે.”

આ રીતે બીજા છ મહિના પ્રેક્ટિસ ચાલી. જોતજોતામાં વરસ પૂરું થયું ને પાછળ બીજું વરસ પણ પતવા આવ્યું. બીજું વરસ પૂરું થયું એટલે બન્નેની પરીક્ષા લેવામાં આવી ને એમાં એ બન્ને સારા ગુણ સાથે પાસ થઈ ગયા.

‘‘હવે તમે પાઈલટ તરીકે કામ કરી શકશો,” ઓફિસ મેનેજરે એમને સર્ટિફિકેટ આપતાં કહ્યું, “જો કે, એ પહેલાં તમારે પાઈલટ તરીકેનું લાઈસન્સ લેવું પડે ને એ માટે અમે તમને મદદ કરીશું. કાલે જ અમારો માણસ તમારી સાથે રહીને એ વિધિ પતાવશે.”

થોડા દિવસમાં લાયસન્સ પણ આવી ગયું એટલે આરોહીએ હવે જેટ એરવેઝનો સંપર્ક કર્યો પણ એને નિરાશા મળી. લગભગ બધી એરલાઈનમાં એણે અરજી કરી પણ કોઈએ હા ન પાડી.

જો કે આરોહીને તો પ્લેનમાં જ નોકરી કરવી હતી એટલે છેવટે ઈન્ડિગોમાં એના સૌંદર્ય ને એની બોલવાની છટાના લીધે એરહોસ્ટેસ તરીકે નોકરી એને મળી ગઈ.

શરૂઆતમાં બેંગલોરથી દિલ્હીની ફલાઈટમાં છ મહિના માટે એણે નોકરી કરવી પડી પછી એની ટ્રાન્સફર થઈ. હવે દિલ્હીથી સિંગાપુરની ફલાઈટમાં એણે આવવા-જવાનું હતું. એ રુટ પર લગભગ એક વરસ એણે નોકરી કરી.

એક દિવસ એની દિલ્હી-સિંગાપુર ઈન્ડિગો 6E-31, હવામાં લગભગ ૩૫ હજાર ફૂટ ઊંચે, બંગાળની ખાડી પરથી પસાર થતી હતી. બપોરના બે વાગ્યા હતા.

“આરોહી,” કેપ્ટને બહાર કોલ કર્યો, “બે બ્લેક કોફી મોકલ, હમણાં જે કોફી આવી એ તો વિચિત્ર હતી.”

આરોહી કોફીની ટ્રે લઈને કોકપીટમાં ગઈ તો અંદરનું દ્રશ્ય જોઈને એના હાથમાંથી ટ્રે પડી ગઈ! કેપ્ટન અને ફર્સ્ટ ઓફિસર એમની ચેર પર બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા !

આરોહીએ તરત જ કોલ કરીને બીજી બે એરહોસ્ટેસને બોલાવી લીધી. કોકપીટમાં હવે ભયંકર શાંતિ છવાઈ ગઈ. હવે શું કરવું એ જ મોટો પ્રશ્ન હતો. પ્લેન અત્યારે તો ઓટો પાઈલટ પર હતું એટલે તાત્કાલિક વાંધો નહોતો, પણ થોડી વાર પછી?

પ્લેનમાં ૧૭૮ જિંદગીઓ સૂતી હતી, હસતી હતી, મોબાઈલમાં ફિલ્મ જોતી હતી અને આગળ, આ બે જિંદગીઓ મોત સામે ઝઝૂમતી હતી. આરોહીનું મગજ બે સેકન્ડ માટે સુન્ન થઈ ગયું. જે સપનું એણે બેંગલોરની ફલાઈંગ સ્કૂલમાં જોયું હતું, જે સપનું પાઈલટની નોકરી ન મળવાના લીધે એણે એરહોસ્ટેસના યુનિફોર્મમાં છુપાવી દીધું હતું, આજે એ સપનું જ ૧૭૮ લોકો માટે એકમાત્ર સહારો હતું.

ત્રણે એરહોસ્ટેસોએ મળીને બન્ને પાઈલટને ખેંચીને પાછળની જમીન પર સુવડાવ્યા ને આરોહી પોતે કેપ્ટનની સીટ પર બેઠી.

એણે ધ્રુજતા હાથે હેડસેટ પહેર્યો અને જિંદગીમાં પહેલી વાર એ બટન દબાવ્યું, જે એણે ફક્ત સિમ્યુલેટરમાં દબાવ્યું હતું.

“મેડે...મેડે....ચાંગીટાવર,ઈન્ડિગો6805...’’આરોહીબોલી.

સામે થોડી સેકન્ડ શાંતિ છવાઈ પછી ચાંગી એરપોર્ટના કંટ્રોલ ટાવરનો અવાજ આવ્યો.

“ઈન્ડિગો 6805 ચાંગી ટાવર, લાઉડ એન્ડ ક્લિયર, ગો અહેડ.’’

આરોહીનો અવાજ તૂટતો હતો પણ હવે એમાં એક પાઈલટની ખુમારી આવી ગઈ હતી.

“ચાંગી,” એણે અંગ્રેજીમાં કહ્યું, “પ્લેનના બન્ને પાઈલટ કોઈ કારણસર બેભાન થઈ ગયા છે. હું કેબિન ક્રુ છું, આરોહી શર્મા. મારી પાસે કોમર્શીઅલ પાઈલટનું લાઈસન્સ છે ને હવે હું આ એરક્રાફટનો કન્ટ્રોલ મારા હાથમાં લઉં છું. પ્લેનમાં ૧૭૮ વ્યક્તિઓ છે ને મારે ઝડપથી લેન્ડિંગ કરવું પડશે.”

આ વાક્ય સાંભળતાં જ સિંગાપુરના આખા કન્ટ્રોલ ટાવરમાં સન્નાટો છવાઈ ગયો. થોડી વારમાં કન્ટ્રોલરનો અવાજ આવ્યો પણ એમાં રૂઆબ નહોતો, એક દીકરી માટેની પ્રાર્થના હતી.

“6805, રોજર યોર મે ડે, મને ધ્યાનથી સાંભળો કેપ્ટન આરોહી, તમે એકલાં નથી, હું તમારી સાથે છું. તમારા માટે ચાંગી એરપોર્ટ રનવે ૦૨ એલ. ક્લિયર છે. તમે ઓટોપાઈલટ ચાલુ રાખજો, હું તમને સલામત લેન્ડિંગ કરાવીશ.”

“કેપ્ટન આરોહી!” બે વરસથી તે આ શબ્દ સાંભળવા તરસતી હતી તે શબ્દ આજે ૩૦૦૦૦ ફૂટની ઊંચાઈ પર એને નવો જન્મ આપી ગયો જાણે!

“ચાંગી,” આરોહી બોલી, “હેડીંગ ૧૪૦, કલીઅર્ડ ડાયરેક્ટ ચાંગી, પ્લીઝ સૂચનાઓ ચાલુ રાખજો.”

“કેપ્ટન,’’ ચાંગી ટાવરે જવાબ આપ્યો, “હું એક સેકન્ડ માટે પણ ફ્રીકવન્સી નહીં છોડું.”

પાછળ બીજી એરહોસ્ટેસે એનાઉન્સ કર્યું, ‘‘લેડીઝ એન્ડ જેન્ટલમેન, ઈમરજન્સી લેન્ડિંગ માટે તૈયાર રહેજો’’ અને બધા મુસાફરો સ્તબ્ધ થઈ ગયા.

સામે સિંગાપુરનો દરિયો ઝળહળતો હતો. ટાવરની સૂચના મુજબ હવે આરોહીએ સ્પીડ ૨૩૦ કિલોમીટર કરી નાખી ને ઊંચાઈ ત્રણ હજાર ફૂટ.

“કેપ્ટન,’’ કન્ટ્રોલનો અવાજ ગુંજ્યો, “તમે રનવેથી દસ માઈલ દૂર છો, રનવે દેખાય છે?”

આરોહીએ હા પાડી અને ઊંચાઈ હજી ઘટાડી હવે રનવે સાવ નજીક હતો. સ્પીડ પણ ઘટી ને પ્લેન રનવેની એકદમ નજીક આવી ગયું. ખરી કસોટી હવે હતી.

વિમાને રનવેને સ્પર્શ કર્યો. એક જોરદાર આંચકો, ટાયરોનો ચિચુડાટ ને પછી એક અદભુત શાંતિ. થોડું આગળ જઈને વિમાન અટક્યું.

તે દિવસે સિંગાપુર એરપોર્ટના ઈતિહાસમાં પહેલી વાર એવું બન્યું કે કન્ટ્રોલ ટાવરમાંથી બધા કન્ટ્રોલરો નીચે ઊતરીને રનવે પર ગયા અને એરહોસ્ટેસના યુનિફોર્મમાં ઊભેલી પાઈલટને સેલ્યુટ કરી, કારણ કે તેણે માત્ર વિમાન જ સહીસલામત નહોતું ઉતાર્યું પણ પોતાના સપનાને પણ સહીસલામત ઉતાર્યું હતું!

(શીર્ષકપંક્તિઃ ઈશ્વર ચૌધરી ‘ઉડાન’)